


# કોંગ્રેસમાં કકળાટ : કેટલીક બેઠકો પર વ્યાપક વિરોધ

## પૂનમબેન માડમે કોંગ્રેસમાંથી રાજીનામુ આપી ભાજપમાં જોડાવાની જાહેરાત કરી : સુરતના માંગરોળમાં નારાજ કાર્યકરોએ તુષાર ચૌધરીનું પુતળુ બાળ્યું

ગાંધીનગર, તા. ૨૨

કોંગ્રેસે (૫૨) બાવન ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરતાં જ કેટલાક જિલ્લાઓમાંથી પક્ષના કાર્યકરો અને આગેવાનોની નારાજગીનો સૂર ઉઠવા પામ્યો છે અને પક્ષમાંથી રાજીનામા આપવાનો દોર શરૂ થતાં કોંગ્રેસે બીજી યાદી સત્તાવાર રીતે પાછી ખેંચવી પડી હતી.

કોંગ્રેસ દ્વારા ગત મોડી રાત્રે પ્રથમ તબક્કાની ૨૨ બેઠકો અને બીજા તબક્કાની ૩૦ એમ કુલ બાવન બેઠકો માટેના ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવ્યા બાદ બિનસત્તાવાર રીતે વધુ ૪૬ ઉમેદવારોની યાદી આજે જાહેર કરવામાં આવી હતી.

કોંગ્રેસ દ્વારા જાહેર કરવામાં આવેલી યાદી બાદ કેટલીક બેઠકો પરના ઉમેદવારો જાહેર થતાં આ વિસ્તારમાંથી સ્થાનિક કાર્યકરો અને આગેવાનોમાંથી વિરોધનો વંટોળ ઉઠવા પામ્યો છે. સુરત જિલ્લાના માંગરોળ બેઠક પર જે ઉમેદવારનું નામ જાહેર કરવામાં આવ્યુ હતું તેની સામે સ્થાનિક કાર્યકરોએ આગેવાનોએ વિરોધ વ્યક્ત કર્યો હતો અને કોંગ્રેસના કેન્દ્રીયમંત્રી તુષાર ચૌધરીનું પૂતળું બાળતા કોંગ્રેસ નેતાગીરી ચોંકી ઉઠી હતી.

જ્યારે જામનગર શહેરમાં પણ પક્ષના ઉમેદવાર સામે વિરોધનો વંટોળ ઉઠવા પામ્યો છે. જામનગર શહેરમાં કોંગ્રેસના આગેવાન પૂનમબેન માડમે કોંગ્રેસ પક્ષના પ્રાથમિક સભ્ય પદેથી રાજીનામુ આપી દઈને ભાજપમાં જોડાવાની જાહેરાત કરી છે. પૂનમબેન માડમ કોંગ્રેસના જામનગર જિલ્લાના સાંસદ વિક્રમ માડમના ભત્રીજી થતાં હોવાનું મનાય છે.

આ ઉપરાંત જૂનાગઢ શહેરમાં પણ કોંગ્રેસના આગેવાનોએ ગીરીશ કોટેચાને જુનાગઢ શહેરની બેઠક પરથી ટીકીટ આપવાની માંગણી કરીને કોંગ્રેસ નેતાગીરીને એવી ચીમકી આપી છે કે જો ગીરીશ કોટેચા સિવાય અન્ય કોઈને ટીકીટ આપવામાં આવસે તો સહેરના તમામ કોંગ્રેસના આગેવાનો અને કાર્પોરેટરો રાજીનામા આપી કોંગ્રેસ છોડશે.

આણંદ જિલ્લામાંથી પણ વિરોધનો વંટોળ ઉઠવા પામ્યો છે. આણંદ જિલ્લાના પેટલાદના કોંગ્રેસ પ્રમુખે પણ કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધું છે.

કોંગ્રેસ પક્ષે જાહેર કરેલા ઉમેદવારો પૈકી કેટલાક ઉમેદવારો સામે સ્થાનિક કક્ષાએથી વિરોધનો વંટોળ શરૂ થતાં સ્તબ્ધ થઈ ગયેલી કોંગ્રેસ નેતાગીરીએ ઉમેદવારોની બીજી યાદી પાછી ખેંચવાની ફરજ પડી છે.

## મતદારોને રીઝવતા પક્ષોના પ્રચાર સામે મતદાતાઓના અણિયાળા સવાલો

ગાંધીનગર, તા. ૨૨

રાજ્યમાં ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે વિવિધ પક્ષો દ્વારા મતદારોને સમજાવવા અને રીઝવવા અનેક રીતે પ્રચાર દ્વારા અપનાવવામાં આવી રહી છે. ત્યારે રાજ્યના કેટલાક મતદારોના વ્યક્તિગત અભિપ્રાય મુજબના અણિયાળા સવાલો પક્ષોને પૂછ્યા છે.

- તમારું શાસન હતું ત્યારે તમે તે કાર્ય તે સમયે કેમ ન કર્યું ? અને હાલમાં તે કરવાનું કહી રહ્યા છો ?

  - મુકેશભાઈ સોની

- રાજ્યની તિજોરીના નાણાં પ્રજાના છે તો તેનો નવીનતમ યોજનાઓમાં ઉપયોગ કરતા પહેલાં પ્રજાજનોનો અભિપ્રાય કેમ લેવાતો નથી ? અથવા પ્રજાએ ચૂંટેલા પ્રતિનિધિ પાસે પ્રજાજનોનીમ રજી જાણવાનો કેમ પ્રયાસ કરાતો નથી ?

  - નટુભાઈ પટેલ

- પ્રજાજનોની સલામતીએ પ્રથમ અને ફરજિયાત જરૂર છે. જો માણસ સલામતીના અભાવે હયાત જ ન હોય તો તેને વિકાસ કે રાજ્યલક્ષી બાબતો શું કામની ?

  - ભાનુભાઈ પટેલ

- કોઈપણ પક્ષના ધારાસભ્ય કે સંસદ સભ્ય પ્રજાજનોની સેવા માટે ચૂંટાય છે. તેમને રાજ્યની તિજોરીમાંથી તમા મપ્રકારની સુવિધા પુરી પડાય છે તો પછી વેતન શું કરવા મેળવવું પડે છે ? તેમજ તેઓ આડકતરી રીતે અન્ય વ્યવસાય સાથે સંકળાયેલા હોય છે જ. અને મંત્રીઓને તો બંગલા, ગાડી, નોકર-ચાકર સાથે તમામ ફાઈવ સ્ટાર સગવડો સરકારી ખર્ચ મળે છે તો તેઓ કેમ વેતન માટે વિરોધ નથી કરતા ? વેતન બાબતે વિરોધ પક્ષ પણ એક જ પાટલે બેસી લાભ મેળવે છે તો તેઓ આ બાબતે ચૂંટણી સમયે જવાબ આપતા નથી ?

  - મનિષભાઈ મહેતા

- ફક્ત સત્તા મેળવવા અને પ્રજાજનોને રીઝવવા કરાતી પ્રજાલક્ષી જાહેરાતો બંધ કરી પ્રજાને સાચા અર્થમાં પ્રતિનિધઈત્વ પુરું પાડો તો પ્રજા તમને પ્રચાર કરવાની પણ તક નહીં આપે અને સેવા કરવાનો મોકો વારંવાર આપશે.

  - અનિલભાઈ વ્યાસ

- ભ્રષ્ટાચારે સર્વત્ર માથું ઉંચક્યું છે જેનાથી રાજ્યનો દરેક નાગરીક વાકેફ છે. જેમાં સત્તાધારી પક્ષ પણ અજાણ નથી તો નાગરીકોને હિત માટે આ બાબતે કેમ કડક વલણ અપનાવાતું નથી ?

  - મુકેશભાઈ પ્રજાપતિ

- પ્રજાજનોના મતે સૌથી વધુ વગોવાયેલું અને ભ્રષ્ટ ગણાતું પોલીસ તંત્ર પ્રજાલક્ષી બને તેવા પ્રયાસો આઝાદી પછી ચૂંટાતા પક્ષો દ્વારા થયા નથી તો આમ કેમ ? તેમજ ચૂંટાયેલા પ્રતિનિધિએ તેમના વિસ્તારના પોલીસ સ્ટેશનમાં થથી ફરિયાદોનો કદાપિ અભ્યાસ કર્યો છે ? તમારા જ મતદારો વચ્ચે થયેલા અણબનાવને સમાધાન કરી સુમેળ કરાવવા પ્રયાસો કર્યા છે ? જો આમ થાય તો રાજ્યમાં અનેક ગુનાઓ ઓછા થઈ જાય તેમ છે.

  - અમિતભાઈ ભટ્ટ

- ચુંટાયેલા પ્રતિનિધિએ તેમના વિસ્તારના પ્રશ્નો કે સમસ્યાઓ માટે ગામ દીઠ કે વોર્ડ દીઠ પ્રજાજનો સાથે કેટલી બેઠક ગોઠવી ? અથવા તેમના પ્રશ્નો અને સમસ્યાઓ અંગે કેટલી રજૂઆતો સરકારમાં કરી ? તેનો આ સમયે જવાબ આપવો તે તેમનો ચૂંટણીલક્ષી પ્રચાર બની શકે છે.

  - જે આર મહેતા

- જે તે પક્ષમાં ચૂંટાયા પછી પક્ષ દ્વારા તમારી પ્રજાલક્ષી બાબતો અંગે અવગણના થતી હોય તો જે વિસ્તારના નાગરિકો પાસે બેસી નાગરિકો દ્વારા જ પક્ષનું ધ્યાન દોરવું જોઈએ. નહીં કે પોતાની પ્રતિષ્ઠા, હોદ્દો અને મમત્વ માટે અન્ય પક્ષમાં જતું રહેવું અથવા નવો પક્ષ બનાવવો. આ ફક્ત સત્તા લાલચુ પ્રતિનિધિત્વ હોવાની છાપ તમને ખોબલે ખોબલે મત આપનાર નાગરીકોમાં ઊભી થવાની શક્યતા દર્શાવે છે.

  - નીતિનભાઈ ત્રિવેદી

- વિરોધપક્ષે સત્તાધારી પક્ષનો દરેક બાબતે વિરોધ કરવો તે જ લક્ષ હોવાનું બહાર આવી રહ્યું છે. પરંતુ ચુંટાયેલા દરેક પ્રતિનિધિ વચ્ચે સાચાને સાચું અને ખોટાને ખોટું કહેવાની હિંમત કેળવવી જોઈએ. કારણ કે રાજ્યના મતદારો આંધળા, બહેરા કે મુંગા નથી કે તેમને સાચા-ખોટાનો ભેદ ન સમજાય. માટે જ હકીકતને સ્વીકારી રાજ્યને ખરા અર્થમાં પ્રતિનિધિત્વ પુરું પડાય તે મતદારો ઈચ્છે છે.

  - કિરણભાઈ પટેલ

## ચૂંટણી પંચની મનાઈ છતાં ગુજરાતભરમાં શિક્ષણ વિભાગે તાલીમો ગોઠવી

### રાજય સરકારના કાર્યક્રમોની ચર્ચા તાલીમમાં થતી હોવાની લોક ચર્ચા

હિંમતનગર, તા. ૨૨

ચૂંટણી પંચે ચૂંટણીને અનુલક્ષીને સરકારી કર્મચારીઓની જરુરિયાત ન હોય તેવી તાલીમો અને મીટીંગો યોજવા પર પ્રતિબંધ ફરમાવેલો છે. આમ છતાં રાજયના શિક્ષણ વિભાગે સમગ્ર ગુજરાતમાં બી.આર.સી. કો. ઓર્ડિનેટરો અને સી.આર.સી. કો-ઓર્ડિનેટરોની તાલીમો ચૂંટણીના માહોલમાં જ ગોઠવાતા રાજકીય પક્ષો આને સૂચક માની રહ્યા છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ જાહેર થયા બાદ રાજયના ચૂંટણી પંચે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સરકારી કર્મચારીઓની જરુરિયાત ન હોય તેવી મીટીંગો તથા તાલીમો યોજવા પર મનાઈ ફરમાવી છે. આમ છતાં રાજયના શિક્ષણ વિભાગે તારીખ ૧૯ થી તારીખ ૨૪ સુધી એમ કુલ છ દિવસની રાજયના તમામ જિલ્લાઓમાં વ્યવસાયિક સજ્જતા તાલિમનું આયોજન કર્યુ છે. હાલમાં ચાલી રહેલી આ તાલીમોમાં ગુજરાત સરકારના પ્રવેશોત્સવ તથા ગુણોત્સવની ચર્ચાઓ પણ કરાઈ રહી હોવાનું શિક્ષણ આલમમાં ચર્ચાઈ રહ્યું છે. મહત્વપૂર્ણ છે કે સાબરકાંઠા જિલ્લાને બાદ કરતા સમગ્ર ગુજરાતના તમામ જિલ્લાઓના ૩૦૦થી વધુ સી.આર.સી. તથા બી.આર.સી. કો ઓર્ડિનેટરો આ તાલીમ લઈ રહ્યા છે ત્યારે રાજકીય પક્ષો ચૂંટણીના માહોલમાં યોજાયેલી આ તાલીમને સૂચક માની રહ્યા છે. સાબરકાંઠા જિલ્લામાં હાલમાં બી.આર.પી.ની તાલીમ ચાલી રહી છે ત્યારે સોમવારથી સી.આર.સી.-બી.આર.સી. કો-ઓર્ડિનેટરોની તાલીમ શરુ થશે. મહત્વપૂર્ણ છે કે સી.આર.સી., બી.આર.સી. કો ઓર્ડિનેટરો તથા બી.આર.પી સમગ્ર તાલુકા તથા જિલ્લાના શિક્ષકો સાથે સીધી રીતે સંકળાયેલા હોય છે. ત્યારે પોતે તાલીમ લીધા બાદ પોતાની અસર તળે આ લોકો શિક્ષકોને પણ લાવી શકે એવી શકયતાઓ છે. જેને લઈને રાજકીય પક્ષો આ તાલીમને સૂચક માની રહ્યા છે. માટે ચૂંટણી પંચે પણ જયાં આ તાલીમો ચાલી રહી છે ત્યાં વિડીયોગ્રાફી કરાવીને તાલીમમાં કયું શિક્ષણ પીરસાઈ રહ્યું છે તે તપાસવાની જરુર છે.

## કલોલ તાલુકા કોંગ્રેસમાં વિરોધ વંટોળ બસ્સો કાર્યકરોના રાજીનામા

### તાલુકા કોંગ્રેસના પ્રમુખ ગમાજી ઠાકોરનું રાજીનામુ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાની કલોલ બેઠક માટે કોંગ્રેસ પક્ષે સ્થાનિક આગેવાનોની અવગણના કરતાં તાલુકા કોંગ્રેસ પ્રમુખ ગમાજી ઠાકોર, પ્રપુલ્લ તલસાણિયા અને કાન્તિજી ઠાકોર સહિતના ૨૦૦ જેટલા કાર્યકરોએ આજે સામુહિક રાજીનામા આપી દીધા છે.

કલોલ બેઠક પર સ્થાનિક ઉમેદવારની પસંદગી કરવાના મુદ્દે કોંગ્રેસ પક્ષમાંથી ૨૦૦ કાર્યકરો અને આગેવાનોએ રાજીનામા આપતા જિલ્લાના રાજકારણમાં ભારે ગરમાવો આવી જવા પામ્યો છે.

આ આગેવાનોએ આજે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના સે. ૨૨ ખાતેના કાર્યાલયમાં પ્રદેશ મહામંત્રી શ્રી જશુભા રાણાને રાજીનામાના પત્રો આપી તેમની લાગણી પ્રદેશના નેતાઓને પહોંચાડવા માટે જણાવ્યું હતું.

ખાનગી વાહનો દ્વારા સમર્થકો સાથે આવી પહોંચેલા આગેવાનોએ જણાવ્યું હતું કે કલોલ બેઠક માટે પસંદ કરાયેલા ઉમેદવાર કલોલ તાલુકાના છે નહિ એટલુ જ નહિ કલોલમાં તેઓ રહેતા પણ નથી. બહારના કોઈ ઉમેદવારને કાર્યકરો સાંખી લેશે નહિ. અને તેથી જ અમે અમારા હોદ્દાઓના રાજીનામા આપી રહ્યા છીએ.

આ આગેવાનો સાથે આવેલા સમર્થકોએ ભારે સૂત્રોચ્ચાર પણ કર્યો હતો તેમજ ભારે હોબાળો પણ મચાવી દીધો હતો.

આ આગેવાનોના આક્રોશને ઠંડો પાડતાં પ્રદેશ મહામંત્રી શ્રી જશુભા રાણાએ તેમની લાગણી પ્રદેશ નેતાઓને પહોંચાડવાની ખાત્રી આપી હતી.

દરમ્યાન ગાંધીનગર (દ)ની બેઠક માટેની માંગણી કરતા ઠાકોર ક્ષત્રિય સમાજની એક બેઠક ૨૫મીએ અમીયાપુર શક્તિધામ ખાતે યોજવામાં આવી છે. આમ જિલ્લાના રાજકારણમાં એકાએક પુનઃ ગરમાવો આવી જવા પામ્યો છે.

ઉમેદવારોની પસંદગીમાં સ્થાનિકોને જ પસંદગી અને અગ્રતા આપવા માટેની માંગ કોંગ્રેસ સમર્થકોમાં તીવ્ર બનતાં જિલ્લાની નેતાગીરી પણ હચમચી ઉઠી છે. જિલ્લામાં જ્ઞાતિવાદના રાજકારણનો ચરૂ જે રીતે ઉકળી રહ્યો છે તે જોતાં બન્ને રાજકીય પક્ષો માટે આગામી દિવસોમાં ઉમેદવારોની પસંદગીને લઈ પગલાં ધીમી ગતિએ ભરવા પડશે તેવી ચર્ચા રાજકીય વર્તુળોમાં થઈ રહી છે.

## કોંગ્રેસના ત્રણ ઉમેદવારોએ આજે ઉમેદવારીપત્રો ભર્યા

ગાંધીનગર, તા. ૨૨

કોંગ્રેસે ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરતાં પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભરવાની શરૂઆત કરી દીધી છે.

કોંગ્રેસે ઉમેદવારો જાહેર કર્યા બાદ તલાલા બેઠક પરથી વર્તમાન ધારાસભ્ય ભગવાનભાઈ બારડે પોતાનું ઉમેદવારી પત્ર ગઈકાલે જ ભર્યું હતું. જ્યારે માણાવદર બેઠક પરના વર્તમાન ધારાસભ્ય જવાહર ચાવડાને ફરી રીપીટ કરવામાં આવતાં આજે જવાહર ચાવડાએ પણ પોતાનું ઉમેદવારી પત્ર ભર્યું હતું. જ્યારે ધોરાજી બેઠક પરના વર્તમાન ધારાસભ્ય જયેશ રાદડીયાને જેતપુર બેઠક પરથી ટીકીટ આપવામાં આવતાં જયેશ રાદડીયાએ પોતાનું ઉમેદવારી પત્ર ભર્યું હતું. ઉમેદવારી પત્ર ભરવા જતા પહેલા એક જંગી જાહેર સભાને તેમણે સંબોધી હતી.

## વિધાનસભા ચૂંટણીના ઉમેદવારના ખર્ચના નિયંત્રણ હેતુથી ગાંધીનગર ખાતે ચાલુ કરવામાં આવેલ ટોલ ફ્રી હેલ્પલાઈન

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા બેઠકની સામાન્ય ચૂંટણી આગામી તા. ૧૭મી ડિસેમ્બર ૨૦૧૨ના રોજ યોજાનાર છે. જે અંતર્ગત જિલ્લા કલેકટરશ્રી અને જિલ્લા ચૂંટણી અધિકારી, ગાંધીનગર ખાતે પાંચ વિધાનસભા મતવિભાગના ઉમેદવારોના ચૂંટણી ખર્ચના નિયંત્રણ હેતુ એક ટોલ ફ્રી હેલ્પલાઈન શરુ કરવામાં આવેલ છે. જેનો ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૩૩૧૦૩૧ છે. આ ટોલ ફ્રી નંબર ઉપર કોઈ પણ વ્યકિત ચૂંટણી ખર્ચ નિયંત્રણ સંબંધિત જાણકારી અને ફરિયાદ નોંધાવી શકશે.

## ગાંધીનગરમાં ખર્ચ અંગેની ફરિયાદો માટેના ટેલિફોન નંબર

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૨ અંતર્ગત ચૂંટણી ખર્ચના નિયંત્રણ માટે અલગ અલગ ટીમોની રચના કરવામાં આવેલ છે. જે પૈકી સ્ટેટીક સર્વેલન્સ ટીમ જે તે પોલીસ સ્ટેશન પર હાજર રહેશે. ચૂંટણી ખર્ચને લગતી કોઈપણ ફરીયાદ હોય તો નીચે દર્શાવેલ પોલીસ સ્ટેશનના ફોન પર તેમજ નીચે દર્શાવેલ હેલ્પલાઈન (ટોલ ફ્રી) નંબર પર ફરીયાદ કરી શકશો.

| વિધાનસભા મત વિસ્તારનું નામ | પોલીસ સ્ટેશનનું નામ | ટેલીફોન નંબર |
|---|---|---|
| ૩૪-દહેગામ | દહેગામ | ૦૨૭૧૬-૨૩૨૬૩૨ |
| | રખીયાલ | ૦૨૭૧૬-૨૬૭૫૩૩ |
| ૩૫-ગાંધીનગર(ઉત્તર) | સેક્ટર-૨૧ | ૦૭૯-૨૩૨૨૧૦૨૧ |
| | સેક્ટર-૭ | ૦૭૯-૨૩૨૨૦૮૨૭ |
| | પેથાપુર | ૦૭૯-૨૩૨૧૫૨૩૫ |
| ૩૬-ગાંધીનગર (દક્ષિણ) | અડાલજ | ૦૭૯-૨૩૯૭૧૩૩૫ |
| | ડભોડા | ૦૭૯-૨૩૯૫૫૫૪૨ |
| | ચિલોડા | ૦૭૯-૨૩૨૭૩૬૦૦ |
| ૩૭-માણસા | માણસા | ૦૨૭૬૩-૨૭૦૪૦૧ |
| ૩૮-કલોલ | કલોલ(સીટી) | ૦૨૭૬૪-૨૨૩૩૯૨ |
| | કલોલ (ગ્રામ્ય) | ૦૨૭૬૪-૨૨૭૦૨૨ |
| હેલ્પ લાઈન ટોલ ફ્રી | કલેક્ટર કચેરી, ગાંધીનગર | ૧૮૦૦-૨૩૩-૧૦૩૧ |

## ગાંધીનગરમાં ૨૬ નંબરના સરકારી બંગલાએ ચાર મુખમંત્રી આપ્યા

### નરેન્દ્ર મોદીને ખબર પડી ત્યારથી તેઓ આ જાદુઈ બંગલો અન્ય સભ્ય માટે ખાલી કરતા નથી,હાલ તેને લકઝૂરીયસ બનાવી દેવાયો છે

ગાંધીનગરમાં મંત્રીમંડળ નિવાસસ્થાન વિસ્તારમાં આવેલા ૨૬ નંબરના શુકનિયાળ બંગલાએ ચાર મુખ્યમંત્રી આપ્યાં છે. આ બંગલાની ખાસિયત મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ખબર પડી છે ત્યારથી તેઓ ૨૬ નંબરનો બંગલો ખાલી કરતા નથી. તેમાં તેમણે તેમનું લકઝુરીયસ નિવાસ બનાવી દીધું છે. આ બંગલાનો ભૂતકાળ રાજકીય નેતાઓ માટે ઉજ્જવળ હોવાનું માનવામાં આવે છે.

માધવસિંહ સોલંકીના સમયમાં મંત્રીમંડળમાં નંબર-ટુ નું સ્થાન ધરાવતા મંત્રી અમરસિંહ ચૌધરીને ૨૬ નંબરનો બંગલો આપી દેવામાં આવ્યો હતો. તેઓ પછી મુખ્યમંત્રી બની ગયા હતા. તેમની જેમ ચીમનભાઈ પટેલના શાસનમાં નંબર ટુ નું સ્થાન ધરાવતાં છબીલદાસ મહેતાને આ બંગલો આપી દેવામાં આવ્યો હતો. સંજોગોએ તેમને પણ



મુખ્યમંત્રી બનાવી દીધા હતા.

મુખ્યમંત્રીનું સત્તાવાર નિવાસસ્થાન મંત્રીમંડળનો એક નંબરનો બંગલો છે. સામાન્યરીતે મુખ્યમંત્રી તેમનું રહેઠાણ અને કચેરી આ નંબરમાં રાખતાં હોય છે. માજી મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ પણ ૧૯૯૫માં એક નંબરમાં રહેતા હતા. તેમની બાજુમાં આવેલા ૨૬ નંબરનો આ બંગલો તેમણે મંત્રીમંડળમાં નંબર ટુ નું સ્થાન ધરાવતાં સુરેશ મહેતાને આપી દીધો હતો. સુરેશ મહેતાને સંજોગોએ મુખ્યમંત્રી બનાવી દીધા હતા. ભાજપમાં

**ગુજરાતની ભૂમિના રાજા**

**- ગૌતમ પુરોહિત**



શંકરસિંહ બળવો કરીને મુખ્યમંત્રી બનતાં તેમણે આ બંગલો તેમના નજીકના સાથી દિલીપ પરીખને સુપરત કર્યો હતો.

સંજોગોએ દિલીપ પરીખને પણ મુખ્યમંત્રી બનાવી દીધાં હતા. કેશુભાઈ પટેલ જયારે ૧૯૯૮માં બીજી વખત મુખ્યમંત્રી બન્યા ત્યારે તેમણે એક નંબરમાં કચેરી બનાવી ૨૬ નંબરના બંગલામાં રહેઠાણ કરી દીધું હતું. તેમને ડર હતો કે આ બંગલો બીજા કોઈ મંત્રીને આપવાથી ગાદી સરકી જશે, પણ તેમની ગાદી દિલ્હીથી સરકી ગઈ હતી. નરેન્દ્ર મોદીએ ૨૦૦૧માં તેમને ખસેડવાનું દબાણ કરતાં તેઓ ગુજરાતની ગાદી પર આવ્યા હતા. તેમણે તે વખતે ૨૬ નંબરના બંગલાનો કબજો લઈ લીધો હતો. એ વખતે નંબર ટુ નું સ્થાન ધરાવતાં સુરેશ મહેતાએ ૨૬ નંબર માગ્યો હતો પણ મોદીએ ઈન્કાર કરી દીધો હતો.

આજે જયારે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આ બંગલામાં રહે છે ત્યારે તેને વૈભવશાળી નિવાસ બનાવી દીધું છે. પરિણામ જે આવવું હોય તે આવે પણ ૨૬ નંબરમાં કોઈ જાદુ છે.

**ભગવાન શ્રીકૃષ્ણના સમયમાં -જાસભા અસ્તિત્વ ધરાવતી.....**

ઈંગ્લેન્ડની આમસભાને સંસદની માતા તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ આ અંગે ઉંડો અભ્યાસ કરતાં જણાય છે કે આ બાબત સાચી નથી. આજથી ૫૦૦૦ વર્ષ પૂર્વે -જાની સભાઓ હતી અને રાજાઓ તેને આધીન હતા. અથર્વવેદના ૭મા કાંડના ૧૨મા સુક્તના ૧ થી ૪ મંત્રોમાં લોકસભા, વિધાનસભા, શાસક તથા સભાસદની ફરજો અંગે વર્ણન છે.

ગુજરાતમાં ભગવાન શ્રી કૃષ્ણના વખતમાં જેને હાલમાં આપણે વિધાનસભાઓ કહીએ છીએ તેવી -જાસભાઓ તેમના રાજયમાં હતી તેવો મહાભારતમાં ઉલ્લેખ છે. આમ ખરી રીતે ગુજરાત સંસદની માતા ગણાય, આ બાબત ગુજરાત માટે ગૌરવરૂપ છે.

ફ્રાંસના મહાન સર્જક અને વિચારક આનાતોલાના મતેઁ લોકશાહી એક એવી -થા છે, જેમાં સરકારો શ્રીમંતોના પૈસે અને ગરીબોના મતો દ્વારા રાજ કરી ખાય છે.

નૈતિક બુનિયાદ અને મૂલ્યલક્ષી આગ્રહનો અહીં સવાલ જ ઠતો નથી અત્યારના સમયમાં આ મત કેટલો સાચો છે તે વિચારકો માટે વિચારવાની બાબત છે. શ્રીમંતોના પૈસે અને ગરીબોના મતે રાજ કરી ખાય એ લોકશાહી સરકાર.